અપીલ અરજી નં.૨૭૦ તા.૨૯–૧૨–૦૮/૦૯

અરજદાર: શ્રી ચેતન કાંતીલાલ નાવડીવાલા
સામાવાળા: શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી ,(સેન્ટ્રલ ઝોન)

## ફરીયાદની હકીકત:–

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ચેતન કાંતીલાલ નાવડીવાલાની તા.૨૮–૧૧–૦૮ની અરજીથી બેગમપુરા ભટ્ટીશેરી તીરૂપતીભવનના ઘર નં.૪/૨૧૦ વાળી મિલ્કતમાં ટવીસ્ટીંગ મશીન રહેઠાણવાળી મિલ્કતમાં ચાલુ કરવામાં આવેલ છે તો તે બાબતે બીપીએમસી એકટ ૨૬૮ મુજબ હેતુફેર કાર્યવાહી કરવાની હોય છે જે કરવામાં આવી છે કે કેમ તેની માહિતી આપવા બાબત

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૯–૧૨–'૦૮ ની અપીલ અરજી નં.૨૭૦/૨૦૦૮–૦૯

શ્રી ચેતન કાંતીલાલ નાવડીવાલાની તા.૨૮–૧૧–૦૮ની અરજીથી બેગમપુરા ભટ્ટીશેરી તીરૂપતીભવનના ઘર નં.૪/૨૧૦ વાળી મિલ્કતમાં ટવીસ્ટીંગ મશીન રહેઠાણવાળી મિલ્કતમાં ચાલુ કરવામાં આવેલ છે તો તે બાબતે બીપીએમસી એકટ ૨૬૮ મુજબ હેતુફેર કાર્યવાહી કરવાની હોય છે જે કરવામાં આવી છે કે કેમ તેની માહિતી આપવા બાબતે પ્રતિભાવ નહીં મળવાના કારણે નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૯–૧૨–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. જેની નકલ સામેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, ફી ભર્યાના આધાર કે તબદીલની નકલ સહિત, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ તથા આપવા જોગ પૂરક માહિતીની વિગતો તેમજ વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવાપત્ર નં.આરટીઆઈ સેલ/૯૨૨ તા.૨–૧–૦૯ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી ,(સેન્ટ્રલ ઝોન) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૨૪૧ તા.૧૬–૧–૦૯ થી અત્રેના વિભાગને માહિતી મળેલ છે.

અરજદારની મુળ અરજીમાં બેગમપુરા ભટ્ટીશેરી તીરૂપતીભવનના ઘર નં.૪/૨૧૦ વાળી મિલ્કતમાં ટવીસ્ટીંગ મશીન રહેઠાણવાળી મિલ્કતમાં ચાલુ કરવામાં આવેલ છે તો તે બાબતે બીપીએમસી એકટ ૨૬૮ મુજબ હેતુફેર કાર્યવાહી કરવાની હોય છે જે કરવામાં આવી છે કે કેમ તેની માહિતી આપવાજણાવેલ. જેના અનુસંધાને પત્ર નં.૧૧૫૪ તા.૨૬–૧૨–૦૮ થી જાહેર માહિતી અધિકારી ધ્વારા માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જે અનુસાર ઉપલબ્ધ રેકર્ડ ચકાસતાં બીપીએમસી એકટની કલમ–૨૬૮ મુજબની કાર્યવાહી કરવામાં આવેલ નથી તેવી માહિતી તેમની કક્ષાએથી અરજદારને પૂરી પાડયાનું જણાવી તેની નકલ અત્રે મોકલેલ છે.

### હુકમ

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારને તેમની તા.૨૮–૧૧–૦૮ ની અરજી બાબતે માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે કશું કરવાનું રહેતું ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧ –૦૯.

**ડે.કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ..જાણ તથા અમલ માટે
(૨)શ્રી ચેતન કાંતીલાલ નાવડીવાલા,